

હિમતનગર સૂર્યોદય પાર્ટી પ્લોટમાં તાલ ગ્રુપ અને દિવાળીબા પાર્ટી પ્લોટમાં રમઝટ ગ્રુપ ધ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવ-૨૦૧૯માં આઠમની રાત્રીએ આકર્ષક પરિધાનમાં યુવાધન મન ભરીને ગરબે ઘૂમી હિલોળે ચડ્યું હતું.

### પાલનપુર ઢૂંઢીયાવાડીની નગરપાલિકાની માલિકીની

# પાણીની ટાંકી અજાણ્યા શખ્સોએ ગેરકાયદેસર રીતે તોડી પાડતા ચકચાર

### સ્ટ્રીટલાઇટ ચેરમેન ભારતી બી. ઠાકોરે આ અંગે તપાસ કરી દોષીતો સામે કાયદેસર કાર્યવાહી કરવા અને પ્રજાની સુખાકારી માટે આ જગ્યાએ કોમ્યુનિટી હોલ બનાવવા કરી રજુઆત

પાલનપુર નગરપાલિકાના વોર્ડ નં.૭ ના ઢુંઢીયાવાડી સમર્પણ ફ્લેટની સામે આવેલી નગરપાલિકાની મિલકત ગણાતી પાણીની ટાંકી કોઈએ રાતોરાત ગેરકાયદેસર રીતે તોડી પાડતા ચકચાર મચી જવા પામી છે.

નગરપાલિકાની આ મિલકત તોડી પાડવા બાબતે કોઈપણ જાતનો ઠરાવ કારોબારી સમિતિ કે પાણી પુરવઠાની સમિતિમાં ક્યારેય થયો ન હોવાનું આ બંને સમિતિના ચેરમેનશ્રીઓએ જણાવેલ તથા આ વિસ્તારમાંથી ચૂંટાયેલા શાસક પક્ષના સદસ્યોની જાણ બહાર રાતોરાત આ પાણીની ટાંકી કેવી રીતે તોડી પડાઈ તે બાબતે નગરપાલિકાના કર્મચારીઓ પણ અજાણ હોવાથી આ ગંભીર ગુના પાત્ર કૃત્ય કોણે કર્યુ ? તેની તપાસ કરી જવાબદારો સામે પગલાં લેવા બાબતે તથા આ વિસ્તારના રહીશોની સુખાકારી અને સવલત માટે સત્વરે આ જગ્યાએ કોમ્યુનિટી હોલ બનાવવા વોર્ડ નં.૭ માંથી ચૂંટાયેલા નગરપાલિકા સદસ્યા અને હાલમાં સ્ટ્રીટલાઇટ સમિતિના ચેરમેન ભારતી બી. ઠાકોરે નગરપાલિકાના પ્રમુખ અને ચીફ ઓફિસરને રજુઆત કરી હતી.

જો કે પાલનપુર નગરપાલિકાની મિલકત એવી આ પાણીની ટાંકીને તોડી પાડી તેનો ઘણોખરો કાટમાળ અન્ય જગ્યાએ સગેવગે કરાયો હોવાનું પણ લોકમુખે ચર્ચાતા વિવિધ તર્ક વિતર્ક સાથે આ મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો હતો.





## ભિલોડામાં આઠમની મધ્યરાત્રીએ માતાજીની સમુહ આરતી

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં શ્રી નવદુર્ગા મંડળ આયોજીત આઠમની મધ્યરાત્રીએ માતાજીનો ભવ્ય દેખાવ,સમુહ આરતીનો કાર્યક્રમ યોજાયો હતો.વર્ષોની પરંપરા અનુસાર શ્રી લક્ષ્મીનારાયણ મંદીર પાસે ચોકલી ચોકમાં શ્રી નવદુર્ગા મંડળ આયોજીત નવરાત્રી મહોત્સવ ઉત્સાહભેર યોજાયો હતો.આસો સુદ આઠમની મધ્યરાત્રીએ માતાજીનો દેખાવ યોજાયો હતો.શ્રધ્ધાળુ ભાવિક ભક્તોએ માતાજીની સમુહ આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી.

## ભિલોડામાં દશેરા નિમિત્તે જલેબી, ફાફડા, ચોરાફળીનું ધુમ વેચાણ થશે

ભિલોડા,તા.૭

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં નવલી નવરાત્રીનું પર્વ પુર્ણ થતાં આજે દશેરાના પાવન પર્વ નિમિત્તે જલેબી, ફાફડા, ચોરાફળીનું ધુમ વેચાણ થશે તેમ વેપારીઓએ જણાવ્યું હતું. દશેરા પુર્વે અખાદ્ય ચીજ વસ્તુઓનું ધુમ વેચાણ પરંતુ વહીવટી તંત્ર કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યું હોય તેમ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાભરમાં ઠેર-ઠેર રાવણ દહનનો કાર્યક્રમ યોજાશે. આસુરી શક્તિ સામે દેવી શક્તિના વિજયના પર્વને ઉજવવા ફાફડા-જલેબી-ચોરાફળી લાખ્ખો રૂપિયાની પ્રજાજનો આરોગશે.ફાફડા અને જલેબીના ભાવોમાં આ વર્ષે ધરખમ ભાવ વધારો જોવા મળ્યો છે. ફાફડા-જલેબી અને ચોરાફળી ખરીદવા માટે ઠેર-ઠેર સ્ટોલો ઉપર કતારો લાગી જશે.મોંઘવારીનું ગ્રહણ ભુલીને શોખીન પ્રજાજનો ફાફડા-જલેબીની જયાફત ઉડાવશે. દશેરાના પર્વને શુભ દિવસ માનવામાં આવે છે ત્યારે વાહનો, ઘર, ઓફીસની ખરીદી પ્રજાજનોએ કરતા હોય છે. દશેરા પર્વને કાયમી યાદગાર પ્રજાજનો બનાવી દેતા હોય છે. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં દશેરાના પાવન પર્વ નિમિત્તે ઠેર-ઠેર ફરસાણની નાની-મોટી દુકાનોમાં જલેબી-ફાફડા-ચોરાફળીની ખરીદી કરવા વહેલી સવારથી જ કતારો લાગી જતી હોય છે.

# મોડાસા રૂરલ પોલીસે ગઢડા નજીક ઈકો કારમાંથી ફિલ્મી ઢબે પીછો કરી ૭૮ હજારનો દારૂ ઝડપ્યો

### સાબરકાંઠા એલસીબીએ ૨૫ હજારનો ઝેન કારમાંથી દારૂ અને શખ્શ દબોચ્યો

મોડાસા, તા. ૭

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં નવરાત્રી પર્વના પગલે બંને




જીલ્લામાં સઘન પેટ્રોલિંગ હાથ ધરતાં એકલ-દોકલ વાહનોમાંથી વિદેશી દારૂ ઝડપાવવાનો સિલસિલો યથાવત રહ્યો છે.

મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.એમ. વાઘેલા અને તેમની ટીમે હિંમતનગર-શામળાજી રોડ પર રાજેન્દ્રનગર ચોકડી નજીક શામળાજી તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધર્યું હતું. શામળાજી તરફથી વિદેશી દારૂ ભરી આવતી ઈકો કારને અટકાવવા જતા કાર ચાલકે રિવર્સ કાર લઈ ડિવાઈડર સાથે અથડાવી યુ-ટર્ન લઈ નાસવા જતા મોડાસા રૂરલ પોલીસે પીછો કરતા હાઈવે પર ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા. ઈકો કારના ચાલકે ગઢડા ગામની સીમમાં ઈકો કાર (ગાડી.નં-જી.જે.૦૧.આર.એમ.૮૪૨૪) રોડ સાઈડ ઉતારી દઈ ફરાર થઈ જતા પોલીસે ઈકો કારમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૧૫૬ કીં. રૂ. ૭૮૦૦૦ તથા કારની કીં. રૂ. ૧૭૫૦૦૦ મળી કુલ રૂ. ૨૫૩૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર કાર ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

સાબરકાંઠા એલસીબી પીઆઈ વી.આર. ચાવડા અને તેમની ટીમે વડાલી નજીક પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. બાતમીના આધારે વિદેશી દારૂની ખેપ મારી રહેલી ઝેન કાર (ગાડી નંબર જીજે.૫.એજી.૦૫૯૧) આવતા પોલીસ નાકાબંધી જોઈ કાર ચાલક રોડ પર કાર મૂકીને ફરાર થઈ જતા કારમાં બેઠેલા અકતરશા લાલશા ફકીર રહે. દેથલી, સિપાઈવાસ (ઈન્દીરાનગર) તા. સિધ્ધપુર જી. પાટણને દબોચી લઈ કારમાંથી વિદેશી દારૂ-બિયર ટીન નંગ-૨૦૦ કીં. રૂ. ૨૫૨૦૦ અને કારની કીં. રૂ. ૧૦૦૦૦૦ મળી કુલ રૂ.૧૨૫૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર કાર ચાલક ભરતકુમાર અમરતભાઈ રાવળ રહે. દેથલી, તા. સિધ્ધપુર જી. પાટણ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# પ્રાંતિજ વિજકંપનીમાં ફરજ બજાવતા બે જુનીયર એન્જીનીયરોની બદલી થતાં વિદાય સમારંભ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ વિજકંપનીમાં જુનીયર એન્જીનીયર તરીકે ફરજ બજાવતા બે જુનીયર એન્જીનીયરોની બદલી થતાં સ્ટાફ કર્મચારીઓ મિત્રો દ્વારા વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો.

પ્રાંતિજ યુજીવીસીએલ કંપનીમાં પ્રાંતિજ ખાતે છેલ્લા પાંચ વર્ષથી જુનીયર એન્જીનીયર તરીકે ફરજ બજાવતા એસ.વી. સોની તથા બી.સી. કાપડીયાની બદલી થતાં સમગ્ર સ્ટાફ મિત્રો દ્વારા બન્નેનો વિદાય સમારંભ પ્રાંતિજ ખાતે આવેલ શ્રી દશામાતાના હોલ ખાતે યોજાયેલ જેમાં વિદાય સમારંભમાં વિજ અધિકારી પી.સી. શાહ, હિંમતનગર ડીવીઝનના વિકાસભાઈ બારોટ, તલોદ ડીવીઝન વીજ અધિકારી સાધુ તેમજ પ્રાંતિજ કચેરી ના નાયબ ઈજનેર એચ.એસ. પાઠક , ગાંધી સાહેબ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિદાય રહેલ જુનીયર એન્જીનીયર એસ.વી. સોની તેમનો પ્રતિભાવ આપતાં ભાવુક થઈ ગયા હતા અને તેમની ફરજ દરમ્યાન આપેલ સ્ટાફ અને કર્મચારીઓએ આપેલ સહકાર બદલ તેવોએ સર્વેનો આભાર માન્યો હતો. વિદાય લઈ રહેલ બીજા જુનિયર એન્જીનીયર બી.સી. કાપડીયાએ પણ સ્ટાફ મિત્રો તથા ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. બન્ને અધિકારીઓના પરિવારજનો આ તબક્કે ઉપસ્થિત રહ્યાં હતા. ઉપસ્થિત વીજ અધિકારી પી.સી. શાહ દ્વારા બન્નેને સાકાર શ્રીફળ આપીને બન્ને અધિકારીઓને શુભકામનાઓ પાઠવી હતી. પ્રસંગે નગરના શ્રેષ્ઠીઓ તેમજ સ્ટાફ મિત્રો વીજ કર્મચારીઓ વિવિધ ગામોના સરપંચો ઉપસ્થિત રહ્યા હતા અને બદલી થયેલ બન્ને જુનીયર એન્જીનીયરોને શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી.

## પાલનપુરમાં ગાયે વિધાર્થિનીને શિંગડે ચડાવતાં ઈજા : રખડતાં પશુઓનો ત્રાસ યથાવત

પાલનપુર

પાલનપુરના જનતાનગર વિસ્તારમાં શનિવારે વહેલી સવારે ગાયે એક છાત્રાને શિંગડે ચડાવી હતો. જેને ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. શહેરમાં રખડતાં પશુઓ પકડવા માટે તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં ન આવતાં લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પાલનપુરમાં રખડતાં પશુઓ પકડવા માટે જિલ્લા કલેકટર દ્વારા આદેશ કરવામાં આવ્યો હતો. જોકે, નગરપાલિકા સહિત જવાબદાર તંત્ર આ આદેશને ઘોળીને પી ગયું છે. શહેરમાં રખડતાં પશુઓનો ત્રાસ યથાવત રહ્યો છે. અને લોકો તેનો ભોગ બની રહ્યા છે. જ્યાં શનિવારે એક છાત્રાને ગાયે ઘસડીને ઈજાઓ પહોચાડી હતી. આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ શહેરના જનતાનગર વિસ્તારમાં સમતા સ્કુલની સામે આવેલી ચામુંડા સોસાયટીમાં ધોરણ આઠમાં અભ્યાસ કરતી એક છાત્રા સ્કુલ જતી હતી. ત્યારે અચાનક ગાયે તેને શિંગડે ચડાવી હતી. અને છેક દરવાજા સુધી ઘસડીને લઈ ગઈ હતી. જ્યાં સોસાયટીના લોકો દોડી આવી છાત્રાને ગાયની ચૂંગાલમાંથી છોડાવી હતી. ઘટનામાં છાત્રાને ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી.

# સત્યમ્ સિટી સોસાયટીમાં આઠમાં નોરતે ગરબાની રમઝટ જામી

માડી તમે આવો તો રમઝટ જમાવીએ તાલ, સુર અને શબ્દને ગરબામાં ઢાળીએ મા જગદંબાના નવલા નોરતા સમગ્ર રાજ્યમાં



રંગેચંગે ઉજવાઈ રહ્યા છે. અબાલ વૃદ્ધ સૌ ગરબે ઘુમી જગતજનની આદ્યશક્તિની ઉપાસનામાં ભાવવિભોર બન્યા છે. આજના શહેરીકરણના આ યુગમાં ગરબા આધુનિક બનતા જાય છે જ્યારે જગતજનની મા શક્તિની આરાધના પર્વ નવરાત્રી પ્રાચીન પરંપરાને હજી પણ જીવંત રાખી છે.

યાત્રાધામ અંબાજીમાં આવેલ સત્યમ્ સિટી સોસાયટીમાં શેરીઓ ગરબાનું આયોજન સોસાયટીના રહીશો દ્વારા કરવામાં આવે છે. જેમાં ૯૦ મકાનના રહીશો દ્વારા સુંદર આયોજન કરવામાં આવે છે. મોટી સંખ્યામાં સોસાયટીના રહીશો દ્વારા માતાજીના ગરબા રમવા માટે ભારે ઉત્સાહ જોવા મળે છે. જેમાં ગરબાના ખેલૈયાઓ મનમુકીને ગરબે ઘૂમવા થનગનાટ હોય છે. દર વર્ષેની જેમ આ વર્ષે પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે નવરાત્રીમાં વરસાદે ખેલૈયાઓને ભંગ પાડ્યો પરંતુ વરસાદે વિરામ લીધા બાદ ખેલૈયામાં ગરબા રમવા ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. શરૂઆતના વરસાદી વિધ્ન બાદ સાતમા નોરતે મેઘરાજાએ ખમૈયા કરતા સત્યમ્ સિટી સોસાયટીમાં સાતમા નોરતે ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘૂમ્યા હતા અને પરસેવે રેબઝેબ થઈ ગયા ત્યાં સુધી ગરબાની રમઝટ જમાવી હતી. અંબાજીની લગભગ દરેક સોસાયટીઓમાં નવરાત્રીના આયોજન હાથ ધરાય છે અને સોસાયટીના રહીશો પારિવારિક માહોલમાં આદ્યશકિત મા જગદંબાની ભકિત સાથે રાસ ગરબાની મોજ માણે છે. આ સોસાયટીમાં આરતી પ્રસાદ સાથે રાત્રે રાસ ગરબા પત્યા બાદ સમૂહ નાસ્તાનું ખૂબ મત્વ છે. જેમાં બાળકોથી માંડીને વડીલો સુધીના તમામ જોડાય છે. સત્યમ્ સિટી સોસાયટીમાં ઢોલીડા ઢોલ રે વગાડ મારે હીંચ લેવી છે, નગાડા સંગ ઢોલ બાજે, છોગાડા તારા, ઓઢણી ઓઢુ ઓઢુ ને ઉડી જાય વગેરે મોડર્ન ગરબા ગીત પર ખેલૈયાઓ જબરજસ્ત એવા ડીજે સાઉન્ડ પર વાગતા લેટેસ્ટ ગરબાને કારણે સમગ્ર વિસ્તાર સંગીત સાથે ભક્તિમય બની જાય છે.

# ભિલોડાના કિશનગઢની બે સગી બહેનો ઈન્દ્રાસી નદીમાં ડૂબી જતા મોત

ભિલોડા, તા. ૭

અરવલ્લી જીલ્લામાં મેઘરાજાએ મહેર કરતા જીલ્લાના



જળાશયો, નદી, નાળા છલકાયા છે. ચાલુ ચોમાસાની ઋતુમાં પાણીમાં ડૂબી જવાથી ૧૦ થી વધુ લોકો મોતને ભેટી ચુક્યા છે જેમાં વધુ એક કરુણતીકા સર્જાતા ભિલોડા તાલુકાના કિશનગઢ ગામની ૧૫ અને ૧૩ વર્ષની સગી બહેનો પશુઓને નદી કિનારે પાણી પીવડાવવા જતા પગ લપસતાં પાણીમાં ગરકાવ થઈ જતા ભારે ચકચાર મચી હતી. આજુબાજુથી દોડી આવેલા લોકોએ અને સ્થાનિક તરવૈયાઓ બંને બહેનના મૃતદેહને નદીમાંથી બહાર કાઢતા પરિવારજનોને આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી. ભિલોડા પોલીસે બંને મૃતક તરુણીઓની લાશને પીએમ માટે ભિલોડા સરકારી દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ઉમંગ, ઉલ્લાસના પર્વ નવરાત્રીમાં એકજ પરિવારની બે બહેનો નદીમાં ડૂબી જતા સમગ્ર પંથકમાં શોકની લાગણી છવાઈ હતી, આનંદનું પર્વ માતમમાં ફેરવાયું હતું પ્રાપ્ત માહિતી અનુસાર ભિલોડા તાલુકાના કિશનગઢ ગામની રિતિકાબેન શાંતિલાલ કલાસાવા (ઉં.૧૫ વર્ષ) અને ચંદ્રિકાબેન શાંતિલાલ કલાસાવા (ઉં.૧૩ વર્ષ) બપોરે તેમના પશુઓને ગામ નજીકથી પસાર થતી ઈન્દ્રાસી નદીમાં પાણી પીવડાવવા પહોંચી હતી જેમાં નાની બહેન ચંદ્રિકાનો પગ નદીમાં લપસતાં નદીના પાણીમાં ડૂબતા નાની બહેનને બચાવવા જતા રિતિકા પણ પાણીમાં ગરકાવ થઈ જતા બંને બહેનોનું પાણીમાં ડૂબી જતા મોત નિપજતા હાહાકાર મચ્યો હતો.

## કિશનગઢ નવચેતન હાઈસ્કુલમાં નવરાત્રી મહોત્સવની ઉજવણી

ભિલોડા,તા.૭

ભિલોડા તાલુકાના કિશનગઢ ગામની નવચેતન હાઈસ્કુલમાં નવલી નવરાત્રી મહોત્સવ નિમિત્તે ઉત્સાહભેર ઉજવણીનો કાર્યક્રમ દબદબાભેર રીતે યોજાયો હતો. આદ્ય શક્તિ માં અંબેની આરાધના, આરતી, પુજન,અર્ચન કરીને રાસ ગરબાનો કાર્યક્રમ ઉલ્લાસભેર કર્યો હતો.નવચેતન હાઈસ્કુલ આચાર્ય હિંમતસિંહ સિસોદીયા, સ્ટાફ પરીવાર, વિદ્યાર્થીઓએ માં અંબેની આરાધના દરમ્યાન ઉપસ્થિત રહ્યા હતા.

## ચિંતામણી ગામમાં બાળકોનો નિઃશુલ્ક નિદાન, સારવાર કેમ્પ

ભિલોડા,તા.૭

ભિલોડા તાલુકાના ચિંતામણી ગામમાં બાળકોનો નિઃશુલ્ક,નિદાન,સારવાર કેમ્પ યોજાયો હતો.રાજવી બાળકોની હોસ્પિટલ,ડૉ.તુષાર ડાભી ધ્વારા નિઃશુલ્ક નિદાન, સારવાર કેમ્પ દરમ્યાન બાળકોની સંપુર્ણ સારવાર કરતા બાળકોના વાલીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.